**બિડાણ:** ઉપ સચિવશ્રી(કૃષિ યુનિ.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૫.૦૧.૨૦૧૬નો પત્ર ક્રમાંક/ગકવ/૧૬૨૦૧૪/૧૭૧૫/ક.૨

**વિષય :** રાજયમાં આવેલ કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારી / અધિકારીના પેન્શન કેસની ચકાસણી નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ દ્વારા કરવા બાબત...

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/૯૮૪૪-૯૩/૨૦૧૬.** **તારીખ:૦૪/૦૨/૨૦૧૬.**

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**<u>નકલ સવિનય રવાના</u>:–** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

**<u>૨/– આ સાથે ઉપસચિવશ્રી(કૃષિ યુનિ.), કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગરના તા.૧૫.૦૧.૨૦૧૬ના પત્રમાં *જણાવેલ વિગત અન્વયે અમલ થવા સાર*.</u>**

ક્રમાંક:- ગકવ-૧૯૨૦૧૪-૧૭૧૫-ક.૨
**ગુજરાત સરકાર**
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 15 JAN 2016

પ્રતિ,
કુલસચિવશ્રી,
કૃષિ યુનિવર્સિટી,
**આણંદ / જુનાગઢ / નવસારી /**
**સરદારકૃષિનગર-દાંતીવાડા.**

વિષય:- રાજ્યમાં આવેલ કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારી / અધિકારીના પેન્શન કેસની ચકાસણી નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ દ્વારા કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અંગેના નાણા વિભાગના તા.૨.૧.૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:- પશન / ૧૦૨૦૧૪ / ડી-૧૯૫-પી ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારી / અધિકારીના પેન્શન કેસો સંદર્ભે ઠરાવથી નિયત કરવામાં આવેલ કાર્યપદ્ધતિ અને સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

Upload / A33

A33 / A2-1 All table

**આપની વિશ્વાસુ,**

**(સુધા કાપડીયા)**
**ઉપ સચિવ (કૃષિ યુનિ.)**
કૃષિ અને સહકાર વિભાગ

બિડાણ:- ઉપર મુજબ.

[Stamp: ... વિભાગ, ન.કૃ.યુ., નવસારી — જા.ન. ૭૯૩ — તા. 28 JAN 2016 — એડીએમ-૩ શાખા]

**નકલ બિડાણ સહ રવાના:-**

સહ પ્રાધ્યાપકશ્રી,રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.

27 JAN 2016

૨૧૨૫/C

રાજ્યમાં આવેલ કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારી/અધિકારીના પેન્શન કેસની ચકાસણી નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ દ્વારા કરવા બાબત.

ગુજરાત સરકાર
**નાણા વિભાગ,**
ઠરાવ ક્રમાંક::પશન/૧૦૨૦૧૪/ડી-૧૯૫-પી
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- ૦૨/૦૧/૨૦૧૬

**વંચાણમાં લીધા:-**

(૧) કૃષિ અને સહકાર વિભાગનો તા. ૩૧/૮/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: ગકવ/૧૦૨૦૦૪/૨૧૮૮/ક.૨
(૨) નાણા વિભાગનો તા. ૩/૩/૧૪ નો પત્ર ક્રમાંક : પરચ/૧૧૨૦૧૩/૨૪૬૫૩૬/સંકલન
(૩) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગરનો તા. ૧૧/૪/૧૪ નો પત્ર ક્રમાંક ડીપીપી/એલ.એમ./૨૧૯/૧૪
(૪) નાણા વિભાગનો તા. ૧૨/૧/૧૫ નો ઠરાવ ક્રમાંક : પશન/૧૦૨૦૧૪/ડી-૧૯૫/પી

**પ્રસ્તાવનાઃ**

વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને (૩) ના પત્ર સંદર્ભે ગુજરાત કૃષિ યુનિવર્સિટી એકટ, ૨૦૦૪ ની કલમ ૨૦-૧(૨૨)(૨૩) તથા કલમ ૨૦(૩) ને ધ્યાને લઇ વંચાણે લીધેલ ક્રમાંક(૪) ના ઠરાવથી રાજ્યમાં આવેલ કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક અધિકારી/કર્મચારીઓના પેન્શન કેસ અધિકૃત કરવાની તથા ચુકવણી કરવાની સત્તા નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર તથા સંબંધિત પેન્શન ચુકવણા કચેરીઓ/તિજોરી કચેરીઓને આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક (૪) ના ઠરાવ પહેલા દર્શાવેલ કર્મચારીના પેન્શન અધિકૃતિ તથા ચુકવણાની સત્તા કૃષિ યુનિવર્સિટી હસ્તક હતી, પરંતુ આ ચુકવણામાં ઓડિટ દરમ્યાન અનિયમિતતા ધ્યાને આવતા કર્મચારીનું પેન્શન રીવીઝન થતા ક્યારેક પેન્શન ઘટાડાના તથા તેને કારણે કોર્ટકેસના પ્રશ્નો ઉદભવે છે. પેન્શનમા રીવીઝન થતા જો પેન્શનમા ઘટાડો થતો હોય તો વધારાની ચુકવાયેલ રકમની રીકવરી થઈ શકતી નથી. વધુમાં, પેન્શન રીવીઝન તથા કોર્ટકેસ થવાના કારણે નિવૃત્તિ બાદ કર્મચારીને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ પરિસ્થિતિ નિવારવા ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમની કલમ - ૪૮ તથા કૃષિ અને સહકાર વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના તા. ૩૧/૮/૨૦૦૪ના ઠરાવ ને ધ્યાને લઇ પુખ્ત વિચારણાને અંતે કૃષિ યુનિવર્સિટીના શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓ/અધિકારીઓના પેન્શન કેસ સંદર્ભે હવે વંચાણે લીધેલ ક્રમાંક(૪) ના ઠરાવને બદલે આથી નીચે મુજબની કાર્યવ્યવસ્થા ગોઠવવાનું આથી ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમની કલમ- ૪૮ માં યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો ઓડિટ કરવા માટે રાજ્ય સરકારને સાદર કરવાનું નક્કી થયેલ છે. કૃષિ અને સહકાર વિભાગના તા. ૩૧/૮/૨૦૦૪ના ઠરાવથી નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગરને ચાર કૃષિ યુનિવર્સિટીઓ (નવસારી, આણંદ, જુનાગઢ, સરદાર કૃષિનગર-દાંતિવાડા)ના હિસાબો તપાસવાની કામગીરી માટે "ઓડિટર" તરીકે કાયમી ધોરણે નિમણુંક આપવાનું સરકારશ્રીએ ઠરાવેલ છે. આ વાર્ષિક હિસાબોના ઓડિટ દરમ્યાન ચુકવાયેલ પેન્શનનુ પણ ઓડિટ થાય છે, જેમાં અનિયમિતતાઓ ધ્યાને આવે છે. આ અનિયમિતતાઓ નિવારવા માટે નીચે મુજબની કાર્યપદ્ધતિ નિયત કરવામા આવે છે.

(૧) ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમની કલમ ૫૧ તથા તે સંદર્ભે કલમ ૨૮(૧૩) મુજબ બનેલ સ્ટેચ્યુટસથી અપાયેલ સત્તા મુજબ સંબંધિત કૃષિ યુનિવર્સિટી દ્વારા જ પેન્શન કેસ અધિકૃત કરવાનો રહેશે.
(૨) પરંતુ પેન્શન કેસ મંજુર કરી ચુકવણાં માટે અધિકૃતિ કરતા પહેલા નિરીક્ષકશ્રી, સ્થનિક ભંડોળ હિસાબના સંબંધિત જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી પાસે સંબંધિત કૃષિ યુનિવર્સિટી દ્વારા નિયમો મુજબ ચુકવવાપાત્ર નિવૃત્તિના લાભોની પૂર્વ ચકાસણી અવશ્યપણે કરાવવાની રહેશે.

(૩) પેન્શન તથા આનુષંગિક લાભોની ગણતરી નિયમોને આધિન છે તે પ્રકારનું પ્રમાણપત્ર સંબંધિત જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી તરફથી મેળવવાનું રહેશે.

(૪) આ પ્રકારનું પ્રમાણપત્ર મળ્યા બાદ જ પેન્શન તથા નિવૃત્તિના આનુષંગિક લાભોની ચુકવણી કરવાની રહેશે.

(૫) આમ, પેન્શન તથા આનુષંગિક નિવૃત્તિના લાભોની અનિયમિત ચુકવણી નિવારવાના હેતુથી સંબંધિત જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી મારફતે અધિકૃતિ પૂર્વે ચકાસણી કરાવ્યા બાદ જ ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમની કલમ ૫૧ તથા તે સંદર્ભે કલમ ૨૮(૧૩) મુજબ બનેલ સ્ટેચ્યુટસ્ થી અપાયેલ સત્તા મુજબ યુનિવર્સિટી દ્વારા પેન્શન કેસની અધિકૃતિ કરવાની રહેશે.

આ સુચનાઓ નવા મંજુર થતા પેન્શન કેસો તેમજ પેન્શન રિવિઝનના કિસ્સાઓમાં લાગુ પાડવાની રહેશે. પેન્શનરોને સમયસર નિવૃત્તિના લાભો મળે તે હેતુથી કર્મચારીના પેન્શન કેસોની ચકાસણીની દરખાસ્ત સંબંધિત જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીને ચકાસણી અર્થે સંબંધિત કર્મચારીના નિવૃત્તિના ૧૨ માસ પહેલા મોકલી દેવાની રહેશે.

તા.૧૨/૧/૧૫ નો સમાનાંકી ઠરાવ આથી મૂળ અસરથી રદ કરવામા આવે છે,

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ચંદ્રવદન મેકવાન)
સંયુકત સચિવ (પેન્શન)
નાણા વિભાગ.

**નકલ રવાના:-**

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ,
  માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
  સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,
- સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલગાંધીનગર.
  તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ,
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ,
  નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
  નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
  નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
  સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
  તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ,
  પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
  સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
  તમામ બોર્ડ/ કોર્પોરેશન/ નિગમો.
  નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહિત)
  સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબ સાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
  સિલેકટ ફાઇલ પી શાખા
- પત્ર દ્વારા